सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૨/૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬/૦૨/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૧૬ /૦૪/ ૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમયગાળો | **૦૨** | **૦૨** | **૧૦** |

## મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, મુ.:– વિસનગર.

**ક્રિમીનલ રીવીઝન અરજ નંબર:–૦૮ / ૨૦૨૪**
**આંક– ૧૧**

**અરજદાર :–** મંગલભાઇ રમેશભાઇ વાઘરી,
ઉ.વ.આ– ૨૬ ,ધંધો– મજુરી,
રહે. ઉંઝા, હે.વણાગલા રોડ,
કાળકા માતાના મંદીર પાસે,
તા.ઉંઝા,જી.મહેસાણા.

**<u>વિરુધ્ધ</u>**

**સામાવાળા :–** (૧) ગૌરીબેન રામાભાઇ વાઘરી,
ઉ.વ.આ.૨૮,
રહે. કામલી, હે.બ્રહ્માણીવાસ,મંદિરની બાજુમાં
તા. ઉંઝા, જી. મહેસાણા.

(૨) ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત :– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૯૭ મુજબ રીવીજન અરજ....**

---

**એપીયરન્સ:–**

અરજદાર તરફે વિ.વ.શ્રી. :– એમ.બી.પઠાણ .
સામાવાળા નં–૦૧ તરફે વિ.વ.શ્રી. :– એસ.કે.બારોટ.
સામાવાળા નં–૦૨ તરફે વિ. એ.પી.પી.શ્રી.:– જે.બી.રાજપુત.

---

## –: ઠ રા વ:–

(૧).. અરજદાર/મૂળ કામના સામાવાળા(પતિ) તરફે સદર રીવીઝન અરજી તેમની સામે આ કામના સામાવાળા નં–૦૧ (મૂળ અરજદાર) એ ઉંઝાના વિદ્વાન જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૨૫ અન્વયે ભરણપોષણ મેળવવા ક્રિમી. પરચુરણ અરજી નં–૧૨૭/૨૦૨૨થી કરેલ જે કામે વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમની સામે આંક–૧૩થી તા.૦૬–૦૧–૨૦૨૪ના રોજ કરેલ હુકમથી નારાજ થઈ તે હુકમ રદ્દ કરવા કરેલ છે.

(૨).. સદર રીવીઝન અરજી અત્રેની ટ્રાયલ કોર્ટમાં દાખલ થતા સામાવાળા નં–૦૧ તેમના વિ.વ.શ્રી એસ.કે.બારોટ સાથે તથા સામાવાળા નં–૦૨ ધી સ્ટેટ ઓફ ગુજરાત તરફે વિ.વ.એ.પી.પીશ્રી જે.બી.રાજપુતનાઓ હાજર થયેલા છે.

(૩).. અરજદાર/મૂળ સામાવાળા તરફે સદર રીવીઝન અરજીમાં તથા તેમના વિ.વ.શ્રી. એમ.બી.પઠાણ દ્વારા એવી રજૂઆત કરેલ છે કે, નામ. નીચેની કોર્ટે તેમની સામે ક્રિ.પરચુ. અરજ નં–૧૨૭/૨૦૨૨ના કામે આંક–૧૩થી ચુકાદો આપી તા. ૦૬–૦૧–૨૦૨૪ના રોજ એવો હુકમ કરેલ છે કે, સામાવાળા (પતિ)એ અરજદારણ (પત્ની)ને માસીક રૂા.૩,૦૦૦/– અરજી કર્યા તારીખથી ભરણપોષણના નિયમિત ચડયેચડયાં ચુકવી આપવા હુકમ કરેલ છે.

(૪).. રીવીઝન કર્તા તરફે નામ. નીચેની કોર્ટે કરેલ હુકમ રદ્દ કરવા નીચેના કારણો જણાવેલ છે.

**કારણો :–**

(૪.૧).. આ કામના સામાવાળા લગ્ન બાદ એકબીજા સાથે રહેતા આવેલા. સામાવાળા શરૂઆતમાં તેઓની સાથે સારી રીતે રહેતા હતા ત્યારબાદ સામાવાળા તેઓની સાથે વિના વાંકે ઝઘડો કરતા હતા. સામાવાળા તેઓની સાથે તેમજ તેઓના। માતા–પિતા સાથે તોછડયુ ભર્યુ વર્તન કરતા હતા. સામાવાળા તેઓની સાથે તેમજ તેમના માતા–પિતા સાથે વિના વાંકે લડતા ઝઘડતા અને મેણાટોણાં મારતા હતા અને તેઓને કે તેમના માતા પિતાને પુછયા વગર સામાવાળા તેમના પિયર મનસ્વી રીતે જતા રહેતા હતા. તેઓ સામાવાળાને સમજાવીને તેડી લાવતા ત્યારે સામાવાળા થોડોક ટાઇમ સારી રીતે રહેતા ત્યારબાદ પોતાનું મનસ્વી વર્તન ચાલુ કરી દેતા અને અરજદાર તેમના તેમના માતા પિતા સાથે વિના વાંકે ઝઘડવાનું ચાલુ કરી દેતાં અને સામાવાળા અરજદારને કહેતા હતા કે તેઓ તેમના લાયક પતિ નથી અને તેઓ માવડીયા છે અને સામાવાળા તેઓને ગમાડતા નહી. આમ, સામાવાળા તેઓના પ્રત્યે અપમાનજનક વર્તન કરતા સામાવાળા તેઓને તેમના તેમના માતા પિતાને ગમે તેમ અપશબ્દો બોલતા અને તોછડી ભાષામાં વર્તન કરતા અને તો અરજદારને તથા તેમના માતા પિતાની પણ સેવા ચાકરી કરતા નહી. આમ, સામાવાળા તેમના વર્તનથી અરજદારને ખુબ જ શારીરિક માનસિક ત્રાસ આપતા. સામાવાળા છેલ્લા ૧૫ માસથી તેઓ વિના વાંકે ત્યાગ કરીને જતા રહેલા છે. જેના કારણે તેઓને સતત ત્રાસ થયેલ છે. સામાવાળાને તેઓએ તથા તેમના કુટુંબીજનોએ તેડવાનો પ્રયત્નો કરેલા તેમ છતાં સામાવાળા આવેલા નહી અને ઉલટાનું અરજદાર તથા તેમના કુટુંબીજનોને ગમે તેમ બોલતા. આમ, સામાવાળાના વર્તનથી અરજદારને ખુબ જ શારીરિક ત્રાસ ચાલુ રહેલ છે.

(૪.૨) આ કામે નીચેની કોર્ટે નામદાર ગુજરાત હાઈકોર્ટ કિરીટકાન્ત ડી.વડોદરીયા વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૬ (૩) જી.એલ.આર. ૭૪૬ના ચુકાદાને ધ્યાને રાખી ૧૨૫ના ઉદ્ધશેમ ઠરાવ્યા મુજબ જરૂરીયાત મંદ વ્યકિત સમાજના દુષણનો ભોગ બનતી અટકે અને ગુનેગાર થતી અટકે તે બાબોતને લક્ષમાં લેતા કલમ–૧૨૫ હેઠળની અરજી ને અત્યંત ટેકનીકાલીટીથી ન જોતા અને સાબીતીના બોજાને ચુસ્તપણે વળગી ના રહેતા પુરાવાનું અર્થઘટન કરી નિર્ણય કરવો જોઈએ એમ માની હુકમ કરેલ છે. પરંતુ સને ૧૯૯૪ બાદ નામદાર કોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદ ઓવરરૂલ થઈ ગયેલ છે અને હાલમાં નામદાર સુપ્રીમ કોર્ટ ઈ.પી.કો. કલમ ૪૯૮(ક) બાબતે ચુકાદામાં સ્પષ્ટ જણાવેલ છે કે સ્ત્રીઓ ઘણા કેસોમાં ત્રાસના કેસ ખોટા કરે છે અને જેથી આવા કેસોમાં પોલીસે આરોપીની સીધી સીધી ધરપકડ કરવી નહી તેવું જણાવેલ છે. જેથી નીચેની કોર્ટ આ ચુકાદાને ધ્યાને રાખી કરેલ હુકમ રદ થવાને પાત્ર છે.

(૪.૩) આ કામે સદર કામ એકતરફી ચલાવેલ હોઈ તેઓ અરજદારને સાંભળેલ ન હોઈ અને આ કામે તેઓ અરજદાર મજુરી વર્ગના માણસ હોવા છતાં તેઓની આવક વધુ જણાવી હુકમ કરેલ હોઈ આ હુકમ રદ થવા પાત્ર છે.

(૪.૪) આ કામે નીચેની કોર્ટે આ કામના સામાવાળાના જણાવ્યા અનુસાર તેઓની આવક ગણી લીધેલ છે અને તેઓની આવક માની લીધેલ છે. તેઓની આવકના સ્ત્રોત પણ આ કામના સામાવાળાના જણાવ્યા અનુસાર નીચેની કોર્ટ માની હુકમ કરેલ હોઈ રદ થવાને પાત્ર છે.

(૪.૫) આ કામના અરજદારે સમાજ દ્બારા છુટાછેડા લીધેલા અને છુટાછેડાની રકમ પેટે આ કામના સામાવાળા નં–૦૧ને કાયમી ભરણપોષણ પેટે રકમ રૂા.૮૦,૦૦૦/– રોકડા ચુકવેલા છે. જે

નીચેની કોર્ટે ગ્રાહ્ય રાખેલ નથી. તેઓ અરજદારે નીરૂબેન સાથે કોઇ લફરુ કરેલ નથી કે નીરૂબેનને તેઓ અરજદાર ભગાડી ગયેલ નથી. સામાવાળા આ લગ્નથી રાજી ન હોઈ તેમજ સામાવાળાના માતા પિતાની ચઢવણીથી સામાવાળા તેઓ અરજદારનો ત્યાગ કરી ચાલ્યા ગયેલ છે.

**(૫)..** ઉપરોકત હકીકતો અને કારણો રીવીઝન કર્તા તરફે જણાવી વિદ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ કરવા તેમની રીવીઝન અરજીમાં તથા તેમના વિ.વ.શ્રીએ કરેલ રજુઆત જણાવેલ છે.

**(૬)..** સામાવાળા નં–૦૧ (મૂળ અરજદાર) તરફે આંક–૦૭થી લેખિત દલીલો રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

(૬.૧) આ કામે હાલના અરજદારે નામ.નીચેની કોર્ટમાં આંક–૧૧થી સરતપાસનું સોગંદનામુ આપેલ છે જે લગત તેઓની ઉલટતપાસ થયેલ છે તેઓએ નામ.નીચેની કોર્ટમાં કોઇ દસ્તાવેજી પુરાવો આપેલ નથી. જેની નામ.નીચેની કોર્ટે નોંધ કરેલ છે.

(૬.૨) હાલના સામાવાળાની ઉલટ તપાસમાં તેઓ સાથે તેઓ સાથે છુટા છેડા થયેલા છે અને તેઓને રૂા ૮૦૦૦૦/– આ છુટાછેડા સમયે આપવામા આવેલ છે તેવુ પુછતા તેઓએ ના પાડેલ છે તેમ છતા હાલના અરજદારને ના.નીચેની કોર્ટમા આ બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી કે કોઈ સાહેદને પણ તપાસેલા નથી.હાલના અરજદારને એક સ્ત્રી નામે નિરુબેન ની સાથે આડા સબંધો હતા તેઓને તેઓ ભગાડી ગયેલા હતા તે હકીકત ચોકકસ છે તથા તેણીને ત્રાસ આપતા અને તેણીનો હાલના અરજદારે ત્યાગ કરેલ છે.

(૬.૩) નામ.નીચેની કોર્ટે જે ચુકાદાની તેમના જજમેન્ટ મા ઉલ્લેખ કરેલ છે તે ઓવરરુલ થઈ ગયેલ છે તેવી હકીકત હાલના

અરજદારે જણાવેલ છે પણ તે અંગેનો કોઈ ઉલ્લેખ હાલના સામાવાળાએ ના.નીચેની કોર્ટમા પુરાવો આપીને કરેલ નથી તથા કલમ–૪૯૮(ક) ના મીસયુઝડ બાબતે ચર્ચા કરેલ છે તો તે કયા ચુકાદામા માનેલ છે તે ચુકાદાની કોઈ વિગતો તેમણે જણાવેલ નથી.

(૬.૪) સામાવાળાએ હાલના અરજદારની સાથે લગ્ન હકકો ભોગવવા હતા અને તેણીની હાલના અરજદારને કોઈ ખોટા કેસોમા ફસાવવા માગતા નથી કે તેમના ઘરના સભ્યોને હેરાન કરવા માગતા નથી કે હાલના અરજદારએ તેણીનો ત્યાગ કર્યા પછી કયારેય તેડી જવાનો પ્રયત્ન કરેલ નથી હાલના અરજદારને પર સ્ત્રી નામે નીરુબેન સાથે હાલની તારીખમા પણ આડા સંબધો છે જેના કારણે તેણીને તેઓએ ત્રાસ આપીને ત્યાગ કરેલ છે અને તેણીની કોઈ પરવા કરેલ નહી કે ભરણપોષણ ની કોઈ વ્યવસ્થા કરેલ નહી અને તે પ્રત્યે બેદરકાર રહેલ હોય તેણીની નામ. નીચેની કોર્ટમા ભરણપોષણ મેળવવા સારુ અરજી ગુજારેલ હતી.

(૬.૫) નામ.નીચેની કોર્ટે તેણીના જણાવ્યા મુજબ હાલના અરજદારની આવક ગણી લીધેલ નથી. સામાવાળાએ નામ.નીચેની કોર્ટમાં હાલના અરજદારની જે આવક બતાવેલ તેનું ખંડન કરતો કોઇ પુરાવો તેઓએ નામ.નીચેની કોર્ટમાં રજૂ કરેલ નથી.

**(૭)..** સામાવાળા નં–૦૨ તરફે વિ.વ.એ.પી.પી.શ્રી જે.બી.રાજપુત દ્વારા પણ ઉપરોકત સામાવાળા નં–૦૧તરફે કરેલ દલીલ દોહરાવતી રજુઆત કરી સદર રીવીઝન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૮)..** ઉપરોકત બંને પક્ષની રજુઆત, રીવીઝન અરજીની હકીકત, વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા હુકમ ધ્યાને લેતાં સદર

રીવીઝન અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**–:મુદદા:–**

૧. શું અરજદાર અત્રેની રીવીજન અદાલતને એવુ બતાવી શકે છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૨૭/ ૨૦૨૨ ના કામે આંક– ૧૩થી તા. ૦૬–૦૧–૨૦૨૪ ના રોજ આપેલ જજમેન્ટમાં કાયદા અને હકીકતની કોઇ ભુલ કરેલ છે? અને તેમાં હસ્તક્ષેપ કરવા પાત્ર છે?

૨. શું હુકમ?

**(૮.૧) ઉપરોકત મુદદાઓ પરત્વેના તારણો નીચે મુજબ છે.**

મુદદા નંબર ૦૧– ન કારમાં.

મુદદા નંબર ૦૨– આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે.**

(૯).. હાલની રીવીઝન અરજીના કામે અરજદાર મૂળ કામના સામાવાળા (પતિ) હોઇ તેમને સામાવાળા તરીકે જયારે સામાવાળા નં–૦૧ મુળ કામે અરજદાર(પત્ની) હોઇ તેઓને અરજદાર તરીકે અનુકુળતા રહે તે સારૂ તથા સમજાવવામાં સરળતા રહે તે સારુ સંબોધવામાં આવે છે. સામાવાળા તરફે ઉપરોકત અરજીનો ટ્રાયલના કામે આંક–૦૫થી જવાબ રજુ કરેલ છે તેમાં હાલની રીવીઝન અરજીમાં જણાવેલ હકીકત મુજબની હકીકતો તેમના બચાવમાં જણાવેલ છે.

(૧૦).. અરજદારણે ક્રિમી.પરચુ.અરજ નં.૧૨૭/૨૦૨૨ના કામે કરેલ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

અરજદારે હાલની અરજી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા માટે કરેલ છે. અરજદારની અરજીની હકીકત એવી છે કે, આ કામના અરજદારનાં લગ્ન આ કામના સામાવાળા સાથે આશરે બે વર્ષ અગાઉ હિન્દુ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે જ્ઞાતિના રીત–રિવાજ મુજબ થયેલા અને ત્યારથી તેઓ બંને કાયદેસરના પતિ–પત્ની બનેલાં અને સદરહુ લગ્નજીવનથી કોઇ સંતાન થયેલ નથી. અરજદારનું સદર લગ્નજીવન શરૂઆતમાં સારીરીતે ચાલતું પરંતુ એકાદ વર્ષ પછી હાલના સામાવાળા દારૂ પીવાની ટેવવાળા હોઇ ઘરે આવી દરરોજ તેમના મા–બાપ અને જેઠ–જેઠાણી ની ચઢવણીથી દરરોજ અરજદારને મારઝૂડ કરતા અને શારીરિક અને માનસિક ત્રાસ આપતા તેમજ કહેતા કે, ''તું મને ગમતી નથી, મારે બીજી પત્ની લાવવી છે. એમ કહી મેણાંટોણાં મારતા હતા.'' આ કામનાં સામાવાળા પોતે અન્ય છોકરી નીરૂબેન સાથે લફરૂ ધરાવતા અને તેના કારણે તેઓ અરજદારને વારંવાર મારઝુડ કરતા અને બે થી ત્રણ વખત મારઝૂડ કરી કાઢી મુકેલા છતાં સંસાર ન બગડે તે હેતુથી અરજદારને તેમના મા–બાપ સમજાવીને સાસરે મોકલતા હતા પરંતુ સામાવાળાના અને તેમના કુટુંબીજનોના સ્વભાવમાં કોઇ ફેરફાર થયેલો નહી. આ કામના સામાવાળાએ છેલ્લા ૧૫ દિવસ અગાઉથી મારઝુડ કરી કાઢી મુકેલા અને તે પોતે સમાવાળા અકે સ્ત્રી બાઇ નીરૂબેનને ભગાડી જતા રહેલા છે અને તેઓનો સંસાર બગાડેલ છે. તેથી હાલની આ અરજી ભરણપોષણ મેળવવા સારૂ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ કામના સામાવાળા પોતે ઘરનાં સુખી અને સાધન સંપન્ન વ્યકિત છે. તે પોતે પોતાની આવકમાંથી તેઓના

ભરણપોષણ સીવાય અન્ય બીજા કોઇ વ્યકિતના ભરણપોષણની જવાબદારી નથી. તેઓ પોતે કપડાંનો વેપાર કરે છે. તેમાંથી માસીક રૂા.૨૦,૦૦૦/–થી વધુ કમાય છે અને બીજા પાર્ટટાઇમ મજુરી ધંધો કરી માસીક રૂા.૧૦,૦૦૦/– કમાય છે. કુલ આવક રૂા.૩૦,૦૦૦/– પુરા જેટલી માસીક છે અને તેમના માતા–પિતા પણ અલગ કાપડનો ધંધો કરે છ અને પોતે પણ કમાય છે. અરજદાર ગરીબ મા–બાપની દીકરી છે અને તેમનું ભરણપોષણ હાલ તેઓના મા–બાપ કરે છે અને તેઓ હાલ ઓશીયાળું જીવન વિતાવે છે અને અરજદારને કોઇ આશરો નથી. સામાવાળા પોતે બીજી બાઇ નામે નીરૂબેન વાધરી જે તેમની બાજુમાં રહેતી તેને લઇ ભાગી ગયેલ છે. તેથી તેઓને હાલના સામાવાળા પાસેથી દાદમાં માંગ્યા પ્રમાણે ભરણપોષણ અપાવવા હાલની અરજ કરી વિનંતી કરેલ છે કે, તેઓ અરજદારને હાલના સામાવાળાને વિરૂધ્ધ દર્શાવેલ આવક ના આધાર તેમજ સામાવાળાએ તેઓનો ત્યાગ કરી અન્ય બીજી સ્ત્રી સાથે ભાગી ગયેલ છે. તો તેઓ અરજદારને સામાવાળા પાસેથી માસીક રૂા.૧૫,૦૦૦/– પુરા મોંઘવારી જોઇ ભરણપોષણ પેટે અપાવવા સારુ હુકમ કરવા રજુઆત કરેલ છે.

**(૧૧)..** અરજદારણ (પત્ની)એ આંક–૦૯થી સોગંદ ઉપર જુબાની ટ્રાયલના કામે આપેલ છે. તેમાં પોતાની ભરણપોષણ મેળવવા કરેલ અરજીની હકીકતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. જેમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે તેણીની ભણેલી નથી અભણ છે. તેઓ કામલી મુકામે રહે છે. તેઓ તેમના માતા–પિતા જોડે રહે છે. તેઓ ઘરનું ઘરકામ કરે છે. તેઓના લગ્ન આ કામના સામાવાળ આશરે બે વર્ષ પહેલા થયેલા તેઓના લગ્ન થયા ત્યારથી સામાવાળા મંગળભાઇ તેઓ પતિ–પત્ની છે. આ લગ્નથી તેઓને કોઇ સંતાન થયેલ નથી.

શરૂઆતમાં સામાવાળા તેમના સારુ રાખતા હતા તથા તેઓનું લગ્ન જીવન સારુ ચાલતું હતું સામાવાળા મંગળભાઈને દારૂ પીવાનુ વ્યસન છે. સામાવાળા બીજી પત્નિ રાખી અને તેઓને રાખવા નથી તેમ કહી દારૂ પી મારઝુડ કરતા હતા. સામાવાળાએ જે બીજી પત્નિ રાખેલ છે તેનું નામ નીરુબેન છે. હાલનો કેસ કરેલ તે અગાઉ ૧૦ દીવસ પહેલા બીજી પત્નિને લઈ નાશી ગયેલો અને તેઓના સાસુ સસરા તથા જેઠાણીએ તેમને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલી. તેમને સામાવાળાઓ કાઢી મુક્યા બાદ તેમને લેવા આવેલ નથી કે તેમના ભરણ પોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. હાલમા તેઓ કામલી મુકામે મા–બાપ જોડે રહી ઓસીયાળુ જીવન જીવે છે.સામાવાળા કાપડનો ધંધો કરી મહીને રૂા.૨૦,૦૦૦/–તથા છુટક મજુરી કરી રૂા.૧૦,૦૦૦/– કુલ રૂા.૩૦,૦૦૦/– મહીને કમાણી કરે છે. સામાવાળાનુ વણાગલા રોડ ઉપર ઈંટો વાળુ મકાન આવેલું છે. તેઓના સાસુ સસરા અગલથી કાપડનો ધંધો કરે છે. સામાવાળાને તેઓના સીવાય બીજા કોઈના ભરણ પોષણની જવાબદારી નથી. તેઓએ તેમના ભરણ પોષણ પેટે રૂા.૧૫,૦૦૦/–ની માંગણી કરેલ છે. સામાવાળાએ જે જવાબ રજુ કરેલ છે તે ખોટો છે.

જયારે ઉલટતપાસમાં કોઇ મહત્ત્વની વિરોધાભાષી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.વધુમાં સામાવાાળા તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ સામાવાળા સાથે રહેતી હોઇ ફરીયાદ કરેલ નહી. વધુમાં એ હકીકતો કબુલ રાખેલ છે કે, સામાવાળા અન્ય સ્ત્રી ને લઇ જતા રહેલા અંગેની તેઓએ પોલીસ ફરીયાદ કરેલી. સામાવાળા તથા સામાવાળાના માતા–પીતા કાપડનો ધંધો કરી મહીને રૂપિયા વીસ હજાર તેમજ અન્ય આવક અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.

(૧૨).. સામાવાળા (પતિ) તરફે આંક–૧૧થી તેમની જુબાની આપેલ છે. જેમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ અભણ છે, તેમના લગ્ન ગૌરીબેન સાથે, ચાર વર્ષ અગાઉ, સમાજના રીત રીવાજ મુજબ કુલહાર વિધિથી કામલી ગામે થયેલા. તેમના લગ્ન બાદ તેઓ તેમની પત્નીને બહુ સારી રીતે રાખતા હતા. તેમની પત્નીનો સ્વભાવ સારો ન હતો. અરજદાર તેઓના કુંટુંબીઓ સાથે બનતુ ન હતુ, અરજદાર બોલાવમાં બેફાટ હતા. તેમની પત્ની તેમના ઉપરોકત તમામ ઘરના સભ્યો સાથે ઝઘડા કરતી. તેઓ અરજદારના કહેવાથી તેમના ઘરના સભ્યોથી અલગ તેના પીયરમાં કામલી ગામે રહેવા લાગેલા. તેઓ કામલી ગામે એક વર્ષ જેટલું રહેલા. આ એક વર્ષ બાદ તેઓ ઉંઝા મુકામે અરજદાર સાથે રહેવા આવેલા. તેઓ ઉંઝા મુકામે છુટક મજુરી કામ કરતા હતા. આ અરજદાર ચાર વર્ષ અગાઉ હું મજુરી ગયેલા હતા અને કોઈને કહયા વિના ઘર છોડી જતા રહેલા. તેમની પત્ની પીયર ગયા બાદ તેઓએ તેમના સમાજના માણસો ધ્વારા તેણીને તેડી લાવવાના પ્રયત્નો કરેલા, પરંતુ તેણી તેઓની સાથે રહેવા આવેલી નહી. તે બાદ અરજદારે તેમની સામે મહેસાણા મહિલા મંડળમાં તેમના તથા તેમના માતા–પિતા એમ બધા સામે અરજી કરેલી. તેઓએ આ અરજી સબબ સમાજના માણસોની સાક્ષીએ અરજદારને રૂા. ૮૦,૦૦૦/– આપી અરજદારના કહેવાથી તેઓને છુટાછેડા આપેલા. અરજદારે આ છુટાછેડા આપ્યા બાદ હાલની ભરણ પોષણ ની અરજી દાખલ કરેલ છે. તેઓ છુટક મજુરી કરી માસિક રૂપિયા ૩ થી ૪ હજાર જેટલું કમાઉ છે. તેઓ ભાડાના મકાનમાં રહે છે. તેઓના અરજદાર સાથેના છુટાછેડાને આશરે ત્રણ વર્ષ જેટલો સમય થયેલ છે.

સદર સામાવાળાની અરજદાર તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ તેમના ભાઇઓ તથા

માતાપિતા સાથે સંયુકત કુટુંબમાં રહે છે અને છુટક મજૂરી કરે છે. વધુમાં તેઓ તેમના ભાઇની સાથે ધંધો કરતા નથી. તેઓ રોજના રૂા.૨૦૦/–થી ૩૦૦/– રૂપીયા મજૂરી કરે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓ નીરૂબેનને ભગાડી ગયેલા. સ્વેચ્છાએ જણાવેલ છે કે એ વાત પતી ગયેલ છે.

(૧૩).. ઉપરોકત બંને પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાઇ આવે છે કે, આ કામના પક્ષકારોના લગ્ન અરજી કર્યાના ચાર વર્ષ પહેલાં તેમના સમાજના રીતરિવાજ મુજબ કુલહાર વિધિથી કામલી ગામે થયેલા અને પતિ–પત્ની તરીકે સાથે રહેતા હતા.

વધુમા અરજદારની જુબાની ઉપરાંત ખુદ સામાવાળાએ તેની ઉલટતપાસમાં કબુલ રાખ્યા મુજબ તેઓ નીરૂબેનને ભગાડી ગયેલા.આમ, ખુદ સામાવાળાએ કબુલ રાખેલ હકીકત જોતાં પણ અરજદારણનો પુરાવો વિશ્વસનીય જણાઇ આવે છે. અરજદારણની જુબાનીમાં સામાવાળા તરફે કરેલ ઉલટતપાસમાં કોઇ મહત્ત્વની વિરોધાભાષી હકીકત કઢાવી શકેલા નથી. તે સંજોગોમાં આ કામના સામાવાળાએ અન્ય સ્ત્રી નીરૂબેન સાથે સંબંધ રાખી અરજદારણને દુ:ખ ત્રાસ આપી ત્યાગ કરેલાનું પુરવાર થાય છે.

વધુમાં અરજદારણ કોઈ આવકનું સાધન ધરાવતા નથી. તેણીની તેના માતા–પિતા સાથે કામલી મુકામે ઓશીયાળું જીવન વિતાવે છે. તેમ છતાં સામાવાળાએ તેણીના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી.

(૧૪).. વધુમાં અરજદારણ પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ હોય કે કોઈ આવક ધરાવતી હોય તેવું કાંઇ રેકર્ડ ઉપર આવેલ નથી. જયારે ખુદ સામાવાળાએ તેની ઉલટતપાસમાં કબુલ રાખ્યા મુજબ તેઓ મજુરી કરી રોજની રૂા.૨૦૦/–થી ૩૦૦/–ની મજુરી કરી આવક મેળવે છે. પરંતુ પ્રવર્તમાન મોંઘવારી દરો તથા

પ્રવર્તમાન લઘુત્તમ વેતન દરો ધ્યાને લેતાં, તેમજ સામાવાળા શારીરિક રીતે કામ ધંધો કરવા સક્ષમ છે. જેથી એબલ બોડીનો સિધ્ધાંત ધ્યાને લેતાં સામાવાળાની માસીક આવક રૂા.૯,૦૦૦/– કરતાં વધુ હોવાનું પુરવાર થાય છે. તેમ છતાં સામાવાળાએ તેણીના ભરણપોષણની કોઇ વ્યવસ્થા કરેલ નથી.

(૧૫).. ઉપરોકત સંજોગોમાં અરજદારણ જણાવે છે કે, તેટલી સામાવાળાની આવક આવેલાનું પુરવાર થતું નથી. પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ સામાવાળાની માસીક આવક રૂા.૯,૦૦૦/– કરતાં વધુની આવેલાનું પુરવાર થાય છે.

(૧૬).. આમ, ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાનું પુન:મુલ્યાંકન કરતા સામાવાળાની માસીક આવક ધ્યાને લેતાં તેઓ આવકના પુરતા સાધન ધરાવતા હોવા છતાં તથા અરજદારણ પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ નથી તથા પોતાના માતા–પિતાને ત્યા ઓશીયાળુ જીવન વીતાવે છે તેમ છતાં સામાવાળાએ અરજદારણના ભરણપોષણ માટે કોઇ વ્યવસ્થા કરેલ નથી. જેથી પક્ષકારોનું જીવન ધોરણ તથા સામાવાળાની આવક ધ્યાને લેતાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિ.પરચુ.અરજ નં–૧૨૭/૨૦૨૨ના કામે આંક–૧૩થી તા. ૦૬–૦૧–૨૦૨૩ના રોજ આપેલ ચુકાદામાં કાયદા અને હકીકતનું યોગ્ય રીતે મુલ્યાંકન કરીને સામાવાળા (પતિ)એ અરજદારણ (પત્ની)ને માસીક રૂા.૩૦૦૦/– અરજી કર્યા તારીખથી નિયમિત ચડયેચડયા ચુકવી આપવા તેમજ અરજીના ખર્ચ પેટે અલગથી રૂા.૧૦૦૦/– ચુકવી આપવા યોગ્ય અને ન્યાયીક હુકમ કરેલ છે.

આમ, ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો ધ્યાને લેતાં રીવીઝનકર્તા તરફે વિદ્વાન ટ્રાયલ કોર્ટના હુકમમાં કાયદા કે હકીકતની કોઇ ભુલ કરેલાનું કાંઇ પુરવાર કરી શકેલા નથી.જેથી

મુદ્દા નં–૦૧નો નિર્ણય ''નકાર''માં આપી મુદ્દા નં–૦૨ પરત્વે નીચે મુજબ આખરનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: <u>આખરી હુકમ:–</u>**

૧. અરજદારની ક્રિમીનલ રીવીઝન અરજ નંબર:– ૦૮/૨૦૨૪ આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

૨. ઉંઝાના વિદ્વાન જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી દ્વારા ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૨૭/૨૦૨૨ ના કામે આંક– ૧૩ થી તા.૦૬–૦૧–૨૦૨૪ના રોજ અરજદારની અરજી અંશત: મંજુર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૪. આ હુકમની એક નકલ સાથે વિદ્વાન ટ્રાયલ કોર્ટ નું અસલ રેકર્ડ તાત્કાલિક પરત મોકલી આપવું.

હુકમ આજરોજ ૧૬ માહે–એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા:– ૧૬ /૦૪/ ૨૦૨૬**
**સ્થળ: –વિસનગર**

**(પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી)**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ મહેસાણા,**
**મુ.વિસનગર.**
(UIC No.GJ- 00661)

પી.એસ.,શીતલ એ.જોષી.